


Design By : Banas Dairy Media



Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૪૦ | મે - ૨૦૨૬
www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**જે બહેનો સ્વનિર્ભર ન હતી, તે આજે ડેરી સેક્ટરને કારણે 'ઘરની શેઠ' બની છે: સહકારીતા મંત્રી શ્રી અમિત શાહ**

**સમૃદ્ધ પશુપાલક, સશક્ત બનાસ: વધતા ભાવો સામે રૂ.15 નો વધારો આપીને બનાસ ડેરીએ નિભાવી સાચી પ્રતિબદ્ધતા**

**શ્વેતક્રાંતિના ભગીરથ 'ગલબાકાકા': જેમણે વાવેલા બીજને ચેરમેન શંકરભાઈ ચૌધરીએ વૈશ્વિક વટવૃક્ષ બનાવ્યું**



# જે બહેનો આર્થિક રીતે સ્વનિર્ભર ન હતી, તે આજે ડેરી સેક્ટરને કારણે 'ઘરની શેઠ' બની છે: કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિત શાહના વરદ હસ્તે આજે ગાંધીનગરના દશેલા ખાતે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રીશ્રી શ્રી હર્ષ સંઘવી, સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે પશુપાલક બહેનોએ કેન્દ્રીય સહકારીતા મંત્રી શ્રી અમિત શાહનું સ્વાગત પણ કર્યું હતું.




ડેરી સેક્ટરને મહિલા સશક્તીકરણનું વિશેષ માધ્યમ ગણાવતા શ્રી શાહે ઉમેર્યું કે, આજે ગુજરાતમાં ૩૬ લાખ પશુપાલક બહેનોના માધ્યમથી દૈનિક ત્રણ કરોડ લીટર દૂધ એકત્રિત કરવામાં આવે છે , જેના પરિણામે દરરોજ અંદાજે રૂ. ૨૦૦ કરોડની રકમ સીધી બહેનોના બેંક ખાતામાં જમા થાય છે. તેમણે અંગત અનુભવ વર્ણવતા કહ્યું કે, પહેલા જે બહેનો આર્થિક રીતે સ્વનિર્ભર ન હતી, આજે તે આજે ડેરી સેક્ટરને કારણે 'ઘરની શેઠ' બની છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ જાહેરાત કરતા કહ્યું હતું કે, ડેરી સેક્ટરમાં 'સર્ક્યુલર ઇકોનોમી'ને પ્રોત્સાહન આપી પશુપાલકોની આવકમાં ઓછામાં ઓછો ૨૦ ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમણે અમૂલની પ્રોડક્ટ્સ પ્રત્યે લોકોમાં વધી રહેલા વિશ્વાસનું ઉદાહરણ આપતા કહ્યું કે, અમૂલની સુગર ફ્રી ચોકલેટ એ “સુગર ફ્રી ચોકલેટ” શ્રેણીમાં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સીધો ફાયદો ખેડૂતો સુધી પહોંચી રહ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, શ્વેત ક્રાંતિ ૨.૦ અંતર્ગત આગામી ૧૦ વર્ષમાં દેશનું કુલ દૂધ ઉત્પાદન ત્રણ ગણું વધારવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવ્યો છે. અમૂલે ટેકનોલોજીના માધ્યમથી પશુપાલકોનો નફો વધારવાનું કામ કર્યું છે. તેમણે તાજેતરમાં વડાપ્રધાન દ્વારા લોન્ચ કરાયેલ એઆઈ ડિજિટલ સહાયક ‘સરલાબેન'નો ઉલ્લેખ કર્યો હતો, જે આજે ગ્રામીણ વિસ્તારની બહેનોને પશુપાલન અને ખેતીમાં મદદરૂપ થઈ રહી છે.



આ અવસરે ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી સહકારની ભાવનાથી સદીઓથી સમૃદ્ધ ધરતી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બદલાતા જતા પ્રવાહો સાથે સહકાર ક્ષેત્ર પણ કદમથી કદમ મિલાવી શકે એવા વિઝન સાથે ‘સહકાર સે સમૃદ્ધિ’નો માર્ગ અપનાવ્યો છે. એટલું જ નહિ, વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિનો નવો ઈતિહાસ સર્જ્યો છે, તેમાં પણ સૌના સહકારથી દેશની સમૃદ્ધિનો જ ભાવ હૈયે રાખ્યો છે. તેના પરિણામે જનતા-જનાર્દનનો અપાર વિશ્વાસ અને ભરોસો મળ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.






# બનાસ ડેરી પશુપાલકોના ઉત્કર્ષ માટે કટીબદ્ધ: સણાદર ખાતે ૪૪૯ પશુપાલકોને રૂ. ૮.૬૪ કરોડ ની સહાય અર્પણ કરાઈ

બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન અને એશિયાની સૌથી મોટી ડેરીઓમાં સ્થાન ધરાવતી બનાસ ડેરી હંમેશા પશુપાલકોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે અગ્રેસર રહી છે. તાજેતરમાં જ બનાસ ડેરી દ્વારા અમલિત ગુજરાત સરકારશ્રીની "૧૨ દુધાળા પશુ ડેરી ફાર્મ સહાય યોજના" અંતર્ગત બનાસ સંકુલ, સણાદર ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે ૪૪૯ પશુપાલકોને કુલ રૂ. ૮.૬૪ કરોડની સહાય અર્પણ કરવામાં આવી હતી. આ કરોડો રૂપિયાની સહાય પશુપાલકોને આધુનિક પશુપાલન તરફ વળવા અને તેમના વ્યવસાયને વધુ સદ્ધર બનાવવા માટે સિંહફાળો આપશે.

બનાસ ડેરી માત્ર દૂધ એકત્રિત કરવાનું કેન્દ્ર નથી, પરંતુ લાખો પશુપાલકોના પરિવારોની સમૃદ્ધિનું માધ્યમ છે અને તે પશુપાલકોના હિત માટે હંમેશાં કટીબદ્ધ રહી છે. ડેરીનું વિઝન પશુપાલનને માત્ર એક પરંપરાગત વ્યવસાય મટાડીને વૈજ્ઞાનિક પદ્ધતિઓ, નસ્લ સંવર્ધન અને આધુનિક ટેકનોલોજી દ્વારા એક આત્મનિર્ભર અને નફાકારક ઉદ્યોગ બનાવવાનું છે, જેથી ગ્રામીણ મહિલાઓ અને પશુપાલકો આર્થિક રીતે સક્ષમ બને.




આ પ્રસંગે પશુપાલકોને સંબોધતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમારો સંકલ્પ જિલ્લાના છેવાડાના પશુપાલકના ઘરમાં પણ સમૃદ્ધિ લાવવાનો છે. ગુજરાત સરકાર અને બનાસ ડેરીના સંયુક્ત પ્રયાસોથી મળેલી આ સહાય માત્ર આંકડો નથી, પરંતુ પશુપાલકોના સપનાઓને પાંખો આપવાનું માધ્યમ છે અને ડેરી હંમેશાં પોતાના પશુપાલક ભાઈ-બહેનોની પડખે ઊભી રહેશે.

બનાસ ડેરીની પ્રગતિ એ વાસ્તવમાં પશુપાલકોની સહિયારી પ્રગતિનું પ્રતિબિંબ છે. આ યોજના થકી પશુપાલકો હાઈબ્રિડ અને વધુ દૂધ આપતા પશુઓ વસાવી શકશે, જેનાથી ગ્રામીણ સ્તરે આર્થિક સક્ષમતા આવશે અને સ્થાનિક રોજગારીનું સર્જન થશે. પશુપાલકો અને બનાસ ડેરી વચ્ચેનો આ અતૂટ વિશ્વાસ જિલ્લાના ગ્રામીણ અર્થતંત્રને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યો છે. આગામી સમયમાં આ આધુનિક ડેરી ફાર્મ સહાય મેળવનારા પશુપાલકો અન્યો માટે પ્રેરણારૂપ બનશે અને બનાસકાંઠા જિલ્લો પશુપાલન ક્ષેત્રે સમગ્ર દેશમાં એક આદર્શ મોડેલ તરીકે ઉભરી આવશે.





# મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતા તરફ વધુ એક મજબૂત કદમ



## થરાદ તાલુકાના દીપડા ગામે નવીન મહિલા દૂધ મંડળીના ભવ્ય મકાનનું લોકાર્પણ

બનાસકાંઠા જિલ્લાના પશુપાલન ઇતિહાસમાં થરાદ તાલુકાનું દીપડા ગામ સોનેરી અક્ષરે અંકિત થઈ ગયું છે. બનાસ ડેરીના યશસ્વી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે દીપડા ગામે નવીન મહિલા દૂધ મંડળીના અદ્યતન મકાનનું ગરિમાપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું. આ નવીન સુવિધા ગ્રામ્ય સ્તરે પશુપાલન સાથે જોડાયેલી દીકરીઓ અને માતાઓ માટે આત્મનિર્ભરતા, આર્થિક સમૃદ્ધિ અને રોજગાર ક્ષેત્રે નવીન ક્રાંતિનો મંગળ પ્રારંભ કરાવશે.

બનાસકાંઠામાં શ્વેતક્રાંતિનો સાચો પાયો આપણી ગ્રામીણ મહિલા પશુપાલકોની અથાક મહેનત અને સમર્પણ પર ટકેલો છે. કાળઝાળ ગરમી, ટાઢ કે વરસાદની ચિંતા કર્યા વિના, વહેલી સવારથી મોડી રાત સુધી પશુઓની માવજત કરીને શુદ્ધ દૂધનું ઉત્પાદન કરતી આ મહિલાઓ શ્વેતક્રાંતિની સાચી સર્જનહાર છે. દીપડા ગામની આ નવી મહિલા દૂધ મંડળી માત્ર એક ઈંટોનું મકાન નથી, પરંતુ ગ્રામીણ નારી શક્તિના પરસેવાની કમાણી અને તેમના સ્વનિર્ભર બનવાના સપનાઓનું પ્રતીક છે. આ મંડળીના માધ્યમથી મહિલાઓ પોતાના આર્થિક નિર્ણયો જાતે લેતી થશે, જે સામાજિક પરિવર્તનનું બહુ મોટું માધ્યમ બનશે.

આ પ્રસંગે પશુપાલક ભાઈ-બહેનોને પ્રેરણા પુરી પાડતા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે: "આપણી બનાસની શ્વેતક્રાંતિની ખરી તાકાત આપણી માતૃશક્તિ છે. થરાદના દીપડા ગામે નિર્માણ પામેલું આ નવું મહિલા દૂધ મંડળીનું મકાન ગ્રામીણ બહેનોના આત્મવિશ્વાસને નવી ઊંચાઈ આપશે. બનાસ ડેરી હંમેશાં મહિલાઓને પશુપાલન વ્યવસાયમાં મુખ્ય પ્રવાહમાં લાવવા અને તેમને આર્થિક રીતે પગભર કરવા કટિબદ્ધ છે. દીપડા ગામની બહેનોની મહેનત દેશભરની મહિલાઓ માટે પ્રેરણારૂપ બનશે અને આ સહિયારો પ્રયાસ આપણને દેશમાં ડેરી ઉદ્યોગમાં સર્વોચ્ચ સ્થાને જાળવી રાખશે."

બનાસ ડેરી અને તેના લાખો પશુપાલકોનો આ સમન્વય વિકાસની નવી ગાથા લખી રહ્યો છે. દીપડા ગામે શરૂ થયેલી આ નવીન સુવિધાથી દૂધના સંગ્રહ અને ગુણવત્તા જાળવણીમાં આધુનિકતા આવશે, જેનો સીધો આર્થિક લાભ બહેનોના બેંક ખાતામાં જમા થશે. જ્યારે ગામડાની એક મહિલા આર્થિક રીતે સધ્ધર બને છે, ત્યારે આખો પરિવાર અને અંતે આખો સમાજ પ્રગતિના પંથે અગ્રેસર થાય છે. બનાસ ડેરીના વિઝનરી નેતૃત્વ હેઠળ દીપડા ગામની આ મહિલા દૂધ મંડળી આગામી સમયમાં શ્વેતક્રાંતિના ઈતિહાસમાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરશે તેમાં કોઈ બેમત નથી.





બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી અને એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ખ્યાતિપ્રાપ્ત 'બનાસ ડેરી' એ માત્ર એક દૂધ ઉત્પાદક સંસ્થા નથી, પરંતુ લાખો પશુપાલક પરિવારોના સમૃદ્ધિનું પવિત્ર મંદિર છે. પશુપાલકોના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી થવાની ગૌરવશાળી પરંપરાને આગળ ધપાવતા, બનાસ ડેરીના યશસ્વી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના સબળ નેતૃત્વમાં ફરી એકવાર પશુપાલકોના હિતમાં એક ઐતિહાસિક અને ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે.

તાજેતરમાં પશુ આહાર અને ઘાસચારાના વધતા જતા ભાવોને કારણે પશુપાલકો પર આર્થિક બોજ વધી રહ્યો હતો. આ કપરા સમયમાં પશુપાલકોને આર્થિક સંકટમાંથી ઉગારવા અને મોટી રાહત આપવા માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને સંચાલક મંડળ દ્વારા દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટ રૂ.15 નો જંગી વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણય સાથે જ હવે બનાસ ડેરીનો દૂધ ખરીદનો નવો ભાવ રૂ.860 પ્રતિ કિલો ફેટ પર પહોંચી ગયો છે. આ નિર્ણય માત્ર ભાવવધારો નથી, પરંતુ બનાસના પશુપાલકોની મહેનતને મળેલું સાચું સન્માન છે.

**પશુપાલકોને શ્રેષ્ઠ અને ઉત્તમ દૂધ ખરીદીનો ભાવ**

બનાસ ડેરી હંમેશાં પોતાના પશુપાલકોને દેશભરમાં સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ દૂધ ખરીદ ભાવ આપવા માટે કટિબદ્ધ રહી છે. બજારના ગમે તેવા ઉતાર-ચઢાવ વચ્ચે પણ પશુપાલકોનો આર્થિક પાયો ડગમગે નહીં, તે માટે ડેરી દ્વારા હંમેશાં રક્ષણાત્મક અને પ્રોત્સાહક ભાવો આપવામાં આવે છે. ₹860 નો નવો ઐતિહાસિક ભાવ લાખો પશુપાલકોના ઘરોમાં આર્થિક સમૃદ્ધિનો નવો ઉજાસ લાવશે અને ગ્રામીણ અર્થતંત્રને અપ્રતિમ વેગ આપશે.

"

# સમૃદ્ધ પશુપાલક, સશક્ત બનાસ: વધતા ભાવો સામે રૂ.15 નો વધારો આપીને બનાસ ડેરીએ નિભાવી સાચી પ્રતિબદ્ધતા

**પશુપાલકોના હિતમાં સદાય અગ્રેસર બનાસ ડેરી: દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટ ₹15 નો માતબર વધારો, નવો ભાવ રૂ.860 થયો**

"







**સમૃદ્ધિ માટે નવતર પ્રયાસો અને વેલ્યુ એડિશન (મૂલ્યવર્ધન) ના કાર્યો**

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૂરોગામી વિઝનને કારણે બનાસ ડેરી આજે પરંપરાગત ડેરી ઉદ્યોગથી આગળ વધીને આધુનિક ટેકનોલોજી અને વેલ્યુ એડિશનનું પાવરહાઉસ બની ગઈ છે.

**નવા ઉત્પાદનો અને ગ્લોબલ બ્રાન્ડિંગ:** દૂધ અને દૂધની બનાવટો ઉપરાંત અમૂલ બ્રાન્ડ હેઠળ અવનવી હાઈ-વેલ્યુ પ્રોડક્ટ્સ બનાવીને વૈશ્વિક બજારમાં મૂકવામાં આવી રહી છે. જેટલું વેલ્યુ એડિશન વધારે થાય, તેટલો જ સીધો નફો છેવાડાના પશુપાલકના બેંક ખાતા સુધી પહોંચે છે.

**ગ્રીન એનર્જી અને બાયો-CNG ક્રાંતિ:** ગોબરધન યોજના અંતર્ગત બાયો-C N G પ્લાન્ટ્સ દ્વારા પશુપાલકોના પશુઓના છાણને પણ આવકનું સાધન બનાવવામાં આવ્યું છે. આ એક એવો નવતર પ્રયાસ છે જે ખેતી અને પશુપાલનને સંપૂર્ણ સસ્ટેનેબલ (ટકાઉ) બનાવે છે.

**આધુનિક પશુપાલન ટેકનોલોજી:** સેક્સ સોર્ટેડ સીમેન, ગાય-ભેંસોમાં એમ્બ્રિયો ટ્રાન્સફર અને જેનોમિક સિલેક્શન જેવી અત્યાધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ ગામડાં સુધી પહોંચાડીને પશુઓની ઓલાદ સુધારણા અને દૂધ ઉત્પાદકતા વધારવાના અભૂતપૂર્વ કાર્યો થઈ રહ્યા છે.

**મહિલા પશુપાલકો પ્રત્યે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું વિશેષ વિઝન**

બનાસ ડેરીની સાચી શક્તિ આપણી માતૃશક્તિ છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી હંમેશાં માને છે કે, "જો નારી સમૃદ્ધ બનશે, તો જ પરિવાર અને સમગ્ર સમાજ સમૃદ્ધ બનશે." બનાસ ડેરીના શ્વેત ક્રાંતિના આ રથને અસલી ગતિ જિલ્લાની લાખો મહિલા પશુપાલકો પૂરું પાડી રહી છે.

મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે દૂધ મંડળીઓમાં તેમની ભાગીદારી વધારવામાં આવી છે. મહિલા પશુપાલકોના નામે સીધા જ દૂધના નાણાં જમા થાય તેવી પારદર્શી વ્યવસ્થા વિકસાવવામાં આવી છે, જેનાથી ગ્રામીણ સ્તરે મહિલા સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પડાયું છે. શ્રી શંકરભાઈનું વિઝન મહિલાઓને માત્ર દૂધ ઉત્પાદક રાખવાનું નથી, પરંતુ તેમને ડેરી વ્યવસાયના કુશળ મેનેજર અને ઉદ્યોગસાહસિક બનાવવાનું છે.



## પશુપાલકોના કલ્યાણ અર્થે ચાલતી વિવિધ યોજનાઓ

બનાસ ડેરી પશુના જન્મથી લઈને તેના સ્વાસ્થ્ય અને પશુપાલકના સમગ્ર પરિવારની ચિંતા કરે છે.

**ગામડાં સુધી પશુ ચિકિત્સા સેવા:** પશુઓ બીમાર પડે ત્યારે ૨૪ કલાક કાર્યરત રહેતી અદ્યતન ફરતી પશુ દવાખાનાની સેવાઓ માત્ર એક ફોન કોલ પર પશુપાલકના આંગણે પહોંચે છે.

**ગુણવત્તાયુક્ત પશુ આહાર:** બનાસ દાણનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે, જેથી પશુઓને પોષણક્ષમ આહાર મળી રહે.

**વીમા અને સામાજિક સુરક્ષા:** પશુપાલકો અને પશુઓ માટે વિવિધ વીમા યોજનાઓ અમલમાં મૂકીને અણધારી આફતો સામે કાયમી સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું છે.

"ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બનાસ ડેરી માત્ર દૂધ એકત્રિત કરવાનું કેન્દ્ર નથી, પરંતુ પશુપાલકોની આર્થિક, સામાજિક અને શારીરિક સુખાકારી માટે કટિબદ્ધ એક વટવૃક્ષ છે. રૂ.15 ના ભાવવધારાનો આ ઐતિહાસિક નિર્ણય સાબિત કરે છે કે ગમે તેવા પડકારો આવે, બનાસ ડેરી હંમેશાં પોતાના પશુપાલકોની પડખે હિમાલયની જેમ અડીખમ ઊભી છે."

આવો, આપણે સૌ સાથે મળીને બનાસ ડેરીના માધ્યમથી શ્વેત ક્રાંતિના આ પર્વને વધુ વેગવંતો બનાવીએ અને સમૃદ્ધિના શિખરો સર કરીએ!





# બનાસ બાયો-CNG પ્લાન્ટ: પશુપાલકો માટે 'કચરામાંથી કંચન' બનાવતો પ્રોજેક્ટ

બનાસકાંઠાની ધરતી પર સહકારિતાનો જે છોડ સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલે રોપ્યો હતો, તે આજે એક ઘટાદાર વટવૃક્ષ બની ચૂક્યો છે. દૂધ ઉત્પાદનમાં વિશ્વભરમાં ડંકો વગાડ્યા બાદ, હવે બનાસ ડેરી 'ગ્રીન એનર્જી' અને પશુપાલકોની આર્થિક ઉન્નતિ માટે એક નવો માર્ગ પ્રશસ્ત કરી રહી છે. આ માર્ગ છે – બનાસ બાયો-CNG પ્રોજેક્ટ.

**ગોબર હવે કચરો નહીં, પણ કમાણીનું સાધન:** સામાન્ય રીતે પશુપાલકો માટે છાણ કે ગોબરનો નિકાલ એક પડકાર હોય છે, પરંતુ બનાસ ડેરીએ આ પડકારને તકમાં ફેરવી દીધો છે. આ આધુનિક પ્લાન્ટ માત્ર પર્યાવરણની જાળવણી નથી કરતો, પરંતુ પશુપાલકોને તેમના પશુઓના ગોબરનું પણ યોગ્ય વળતર અપાવે છે. બનાસ બાયો-CNG પ્લાન્ટ' પશુપાલકોની આર્થિક ઉન્નતિ અને પર્યાવરણ સુરક્ષાનો એક અદભૂત સંગમ છે.

**પ્લાન્ટની મુખ્ય વિશેષતાઓ:**
**ઉત્પાદન ક્ષમતા:** આ પ્લાન્ટ દૈનિક મોટી માત્રામાં બાયો-CNG ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે, જે વાહનોમાં બળતણ તરીકે વાપરી શકાય છે.
**સ્વચ્છ બળતણ:** અહીં ઉત્પન્ન થતો ગેસ શુદ્ધ હોવાથી તે પ્રદૂષણ ઘટાડવામાં સીધો ફાળો આપે છે.
**ઓર્ગેનિક ફર્ટિલાઈઝર (P R O M):** ગેસ ઉત્પાદન બાદ વધતી સ્લરીમાંથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત જૈવિક ખાતર બનાવવામાં આવે છે, જે ખેતી માટે આશીર્વાદરૂપ છે.

**બનાસકાંઠાની બદલાતી તસવીર:**
પ્લાન્ટ માત્ર એક ટેકનોલોજીકલ પ્રોજેક્ટ નથી, પરંતુ તે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાનું એક મોડેલ છે. જ્યારે એક સામાન્ય પશુપાલક તેનું ગોબર ડેરીમાં જમા કરાવે છે, ત્યારે તેને તેમાંથી આર્થિક લાભ થાય છે. આનાથી પશુપાલન હવે માત્ર દૂધ પૂરતું મર્યાદિત ન રહેતા, 'સર્વગ્રાહી ખેતી' તરફ આગળ વધી રહ્યું છે.

આદરણીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી સતત નવા શિખરો સર કરી રહી છે. આ બાયો-CNG પ્લાન્ટ એ વાતનું જીવંત ઉદાહરણ છે કે જો સહકાર અને ટેકનોલોજી હાથ મિલાવે, તો ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું સાકાર થઈ શકે છે. બનાસ બાયો-CNG પ્લાન્ટ એ આદરણીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વિઝનનું પરિણામ છે. આ પ્રોજેક્ટથી પશુપાલકોના ઘર આંગણે સમૃદ્ધિ આવી છે અને બનાસકાંઠા 'ગ્રીન એનર્જી' હબ તરીકે ઉભરી રહ્યું છે. જે ગોબર પહેલા કચરો ગણાતું હતું, તે આજે બનાસ ડેરીની ટેકનોલોજીના કારણે પશુપાલકો માટે 'ગોલ્ડ' સાબિત થઈ રહ્યું છે.



# વિજ્ઞાન સંગ બનાસ, બટાકાથી વિકાસ: ખેડૂતોની સમૃદ્ધિનું નવું સોપાન

ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનનું સપનું હતું કે દેશનો ખેડૂત આર્થિક રીતે સદ્ધર અને આત્મનિર્ભર બને. આ જ વિઝનને સાકાર કરવા માટે બનાસ ડેરી, જે અત્યાર સુધી દૂધ ઉત્પાદનમાં વિશ્વસ્તરે ડંકો વગાડી રહી છે, તેણે હવે કૃષિ ક્ષેત્રે એક ક્રાંતિકારી ડગલું માંડ્યું છે. પશુપાલનની સાથે સાથે ખેતીમાં પણ આધુનિકતા લાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરીએ બટાકાના બિયારણ ઉત્પાદન ક્ષેત્રે એક નવી પહેલ કરી છે.

### ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું વિઝનરી નેતૃત્વ

બનાસ ડેરીની આ સફળતા પાછળ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની દીર્ઘદ્રષ્ટિ અને ખેડૂતો પ્રત્યેની અતૂટ સંવેદના રહેલી છે. તેઓ માને છે કે માત્ર દૂધ જ નહીં, પરંતુ ખેતીમાં પણ વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને પશુપાલકો અને ખેડૂતોની આવક બમણી કરી શકાય છે. તેમના નેતૃત્વ હેઠળ બનાસ ડેરી આજે માત્ર એક દૂધ સંઘ નથી રહ્યો, પરંતુ એક સર્વાંગી વિકાસનું કેન્દ્ર બન્યું છે.

"અમારો સંકલ્પ છે કે બનાસનો ખેડૂત ટેકનોલોજીના ઉપયોગથી સમૃદ્ધ બને. ટિશ્યુ કલ્ચર અને એરોપોનિક્સ જેવી અદ્યતન પદ્ધતિઓ દ્વારા અમે ઉચ્ચ ગુણવત્તાયુક્ત બિયારણ પૂરા પાડીને ખેતી ખર્ચ ઘટાડવા અને ઉત્પાદન વધારવા કટિબદ્ધ છીએ.

**શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન)**





## ટિશ્યુ કલ્ચર અને એરોપોનિક્સ: ખેતીમાં વિજ્ઞાનનો સમન્વય

બનાસ ડેરીએ બટાકાના ઉત્પાદનમાં જે નવી ટેકનોલોજી અપનાવી છે, તેની મુખ્ય વિશેષતાઓ આ મુજબ છે:

**વૈજ્ઞાનિક પદ્ધતિથી છોડની તૈયારી:** લેબોરેટરીમાં ટિશ્યુ કલ્ચર દ્વારા રોગમુક્ત અને શ્રેષ્ઠ ગુણવત્તાના છોડ તૈયાર કરવામાં આવે છે.

**એરોપોનિક્સ ટેકનોલોજી:** જમીન વગર, હવામાં પોષક તત્વો આપીને બટાકા ઉગાડવાની આ પદ્ધતિથી પાણીનો બચાવ થાય છે અને ગુણવત્તા જળવાઈ રહે છે.

**વિશાળ ઉત્પાદન ક્ષમતા:** દર વર્ષે અંદાજે 11 મિલિયન 'ઝીરો સીડ' બટાકા ઉત્પાદન કરવાની ક્ષમતા વિકસાવવામાં આવી છે.

**ભાવિ લક્ષ્યાંક:** આગામી સમયમાં લગભગ 4000 મેટ્રિક ટન જેટલા ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણ તૈયાર કરવાનું લક્ષ્ય છે, જે સીધું જ ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવશે.





### દૂધ સિવાયના ક્ષેત્રોમાં પણ બનાસની હરણફાળ

બનાસ ડેરીએ સાબિત કર્યું છે કે સહકારી માળખું ધારે તો અશક્ય વસ્તુ પણ શક્ય છે. દૂધના પ્રોસેસિંગ બાદ હવે હની (મધ), ખાદ્ય તેલ, જૈવિક ખાતર અને હવે 'બનાસ બટાકા' પ્રોજેક્ટ દ્વારા ડેરી વિવિધતા તરફ આગળ વધી રહી છે. આ તમામ પ્રયાસોનો મૂળ મંત્ર 'સમૃદ્ધ ખેડૂત' છે.

બનાસ ડેરીની આ પહેલથી ખેડૂતોને હવે બજારમાં મોંઘા અને નિમ્ન ગુણવત્તાના બિયારણ પર નિર્ભર નહીં રહેવું પડે. વિજ્ઞાન અને સહકારના સમન્વયથી બનાસ કાંઠાના ખેતી ક્ષેત્રે એક નવો સૂર્યોદય થયો છે, જે આવનારા સમયમાં ખેડૂતોના જીવનમાં આર્થિક ક્રાંતિ લાવશે.



# બનાસના આંગણે પશુપાલન ક્ષેત્રે નવી ક્રાંતિ હવે બનાસ ડેરીને પણ મળી બ્રાઝિલ જેવી સફળતા!







પશુપાલન એ માત્ર દૂધ ઉત્પાદનનો વ્યવસાય નથી, પણ બનાસકાંઠાના લાખો પરિવારોની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત છે. બદલાતા સમય સાથે જો પશુપાલનમાં આધુનિક વિજ્ઞાનનો સમન્વય ન થાય, તો પ્રગતિની ગતિ ધીમી પડી જાય છે. આ જ વાતને કેન્દ્રમાં રાખીને, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દુરંદેશી વિઝનને કારણે આજે બનાસકાંઠાની ધરા પર પશુપાલન ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાયો છે.

તાજેતરમાં બનાસ ડેરીએ 'ગર્ભપ્રત્યારોપણ'  ટેકનોલોજીના માધ્યમથી જિલ્લાના જુદા જુદા ગામોમાં કુલ ૧૩ જેટલી ઉચ્ચ ગુણવત્તાયુક્ત ગીર વાછરડીઓ અને વાછરડાઓનો સફળ જન્મ કરાવીને પશુપાલન જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. પાલનપુરના મડાણા ગઢ-3, એગોલા-૧, સામઢી મોટા-૧, થરાદના જેતડા-૨, વડગામ-૨, સોતવાડા-૧ અને બોરૂડા-૪ મળીને આ ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. આ સફળતા આગામી દિવસોમાં આપણા પશુપાલકો માટે સમૃદ્ધિના દ્વાર ખોલશે. વધુમાં હાલ સુધીમાં ભેસ અને ગાય વર્ગના કુલ એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનોલોજી થકી કુલ 155 વાછરડીઓ અને  વાછરડાઓનો જન્મ થયો છે.

## પશુપાલનમાં ટેકનોલોજીનો ચમત્કાર: શું છે આ પદ્ધતિ?

સામાન્ય રીતે એક સારી ગાય આખી જિંદગીમાં માંડ ૮ થી ૧૦ બચ્ચાઓને જન્મ આપી શકે છે. પરંતુ 'એમ્બ્રીયો ટ્રાન્સફર' ટેકનોલોજીની મદદથી એક ઉત્તમ ગાયના સ્ત્રીબીજ લઈને લેબોરેટરીમાં તેનું ફલનીકરણ કરાય છે અને ત્યારબાદ તે ગર્ભને અન્ય સામાન્ય ગાયો (જેમ કે એચ.એફ. ગાય) ની કૂખમાં રોપવામાં આવે છે.

આ પ્રયોગમાં વિશ્વમાં સૌથી વધુ દૈનિક ૫૬ લિટર કરતાં પણ વધુ દૂધ આપતી બ્રાઝિલની શ્રેષ્ઠ ગીર ગાયના સાંઢના સિમેન ડોઝ અને આપણી સૌરાષ્ટ્રની શુદ્ધ ૨૮ લિટર દૂધ આપતી ગીર ગાયના સ્ત્રીબીજનો સમન્વય કરવામાં આવ્યો છે. પરિણામે, જે વાછરડીઓ જન્મી છે તે ભવિષ્યમાં દૂધ ઉત્પાદનના તમામ રેકોર્ડ તોડી નાખશે.

## દૂધ ઉત્પાદનમાં વિસ્ફોટક વધારો અને આર્થિક ફાયદો
## આ ટેકનોલોજીનો સીધો ફાયદો પશુપાલકોના ખિસ્સાને થશે:

ઓછા પશુએ વધુ દૂધ: સામાન્ય રીતે ૫ થી ૧૦ ગાયો રાખીને જેટલું દૂધ મેળવાય છે, તેટલું દૂધ ભવિષ્યમાં આ પદ્ધતિથી જન્મેલી માત્ર ૨ કે 3 ગાયો આપી શકશે.

**ખર્ચમાં ઘટાડો, નફામાં વધારો:** પશુઓની સંખ્યા ઘટશે એટલે ચારા, પાણી અને માવજતનો ખર્ચ અડધો થઈ જશે, જ્યારે દૂધનું ઉત્પાદન બમણું થતાં પશુપાલકોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

**ઉચ્ચ ઓલાદનું ઘરઆંગણે નિર્માણ:** પશુપાલકોએ મોંઘા ભાવે બહારથી પશુઓ ખરીદવા નહીં પડે, શુદ્ધ અને સુપર ગીર ઓલાદ પોતાના તબેલામાં જ તૈયાર થશે.

## એક નવી શ્વેત ક્રાંતિનો ઉદય

જેમ બ્રાઝિલ દેશ આજે ગીર ગાયોના દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં મોખરે છે, બરાબર એ જ મોડેલ હવે બનાસ ડેરી આપણા બનાસકાંઠાના ગામડે-ગામડે લાવી રહી છે. આ ૧૩ વાછરડા-વાછરડીઓનો જન્મ એ માત્ર શરૂઆત છે, આવનારા સમયમાં આ ટેકનોલોજી ઘર-ઘર સુધી પહોંચશે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આ આશીર્વાદને અપનાવીને બનાસના પશુપાલકો હવે વધુ સધ્ધર, આત્મનિર્ભર અને સમૃદ્ધ બનશે તેમાં કોઈ શંકા નથી. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ બનાસ ડેરીના વહીવટી તંત્ર, વૈજ્ઞાનિકો અને ભાગ્યશાળી પશુપાલકોને કોટી કોટી અભિનંદન!

## ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું વિઝન અને પશુહિતના કાર્યો

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી હંમેશાં કહેતા આવ્યા છે કે, "બનાસકાંઠાના પશુપાલકને વૈશ્વિક સ્તરે મોખરે રાખવો છે." આ સફળતા એમના એ જ વિઝનનું પરિણામ છે. તેઓ માને છે કે જ્યાં સુધી પશુપાલન પરંપરાગત પદ્ધતિમાંથી બહાર નીકળીને 'વૈજ્ઞાનિક પદ્ધતિ' તરફ નહીં વળે, ત્યાં સુધી પશુપાલકોની આવક બમણી કરવી અશક્ય છે.

બનાસ ડેરી માત્ર દૂધ ખરીદવાનું કેન્દ્ર નથી, પણ પશુઓના હિત અને સ્વાસ્થ્યની ચિંતા કરતી સંસ્થા છે. આ ટેકનોલોજી દ્વારા પશુઓમાં થતા વંધ્યત્વ નિવારણ અને ઓલાદ સુધારણાના કાર્યોને નવી ગતિ મળી છે. પશુઓને શ્રેષ્ઠ પોષણ અને તબીબી સારવાર મળી રહે તે માટે પણ ડેરી સતત કાર્યરત છે.

મહેનત નારીની ને સાથ પશુધનનો,
આ સંગમ છે ડેરી ઉદ્યોગના સાચા વિકાસનો






# બનાસ ડેરીની “બનાસ પશુ સારવાર” એપ્લિકેશનના સફળતાપૂર્વક ૪ વર્ષ પૂર્ણ: પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ ૧૦૮ જેવી આધુનિક સેવા

બનાસડેરીએ હંમેશા પોતાની સાથે જોડાયેલા લાખો પશુપાલકોને સમયે સમયે દૂધના શ્રેષ્ઠ ભાવ આપીને તમામ રીતે પૂરતી કાળજી રાખી છે. બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો આર્થિક રીતે સદ્ધર બને અને સામાજિક રીતે પણ તેમનામાં હકારાત્મક બદલાવ આવે તે માટે ડેરી સતત કાર્યશીલ રહી છે. પશુપાલકોના ઉત્કર્ષની સાથે પશુધનના આરોગ્યની ચિંતા કરીને બનાસ ડેરી દ્વારા શરૂ કરાયેલી “બનાસ વેટનરી સેવા” (બનાસ પશુ સારવાર) એપ્લિકેશનને સફળતાપૂર્વક આશરે ચાર વર્ષ પૂર્ણ થઈ ગયા છે.

શરૂઆતમાં પ્રાયોગિક ધોરણે ધાનેરા અને પાલનપુર તાલુકામાં શરૂ કરાયેલી આ એપ્લિકેશનને અદભુત સફળતા મળ્યા બાદ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે સમગ્ર જિલ્લામાં લાગુ કરવામાં આવી હતી. આજે ચાર વર્ષના સમયગાળા બાદ આ એપ્લિકેશન પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે અને જિલ્લાના પશુધનને ૨૪ કલાક આરોગ્ય સુવિધા અને સારસંભાળ મળી રહી છે.

### ૧૦૮ જેવી ઝડપી સુવિધાથી પશુપાલકો ચિંતામુક્ત

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના વિઝનને પશુપાલન ક્ષેત્રે હકીકતમાં ચરિતાર્થ કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ આ નવતર પ્રયોગ કર્યો હતો. અગાઉ પશુપાલકોએ વેટનરી વિભાગમાં ફોન કરીને વિઝીટ નોંધાવવી પડતી હતી, જેમાં ક્યારેક વ્યસ્ત લાઇન અથવા મોડું થવાની સમસ્યા રહેતી હતી.

પરંતુ છેલ્લા ચાર વર્ષથી આ એપ્લિકેશનના કારણે પશુપાલકો પશુધનની ઇમરજન્સીમાં વ્યક્તિઓ માટેની ૧૦૮ સેવા જેવી જ ઝડપી અને સમયસર સારવાર મેળવી રહ્યા છે. ટેક્નોલોજીના આ સફળ ઉપયોગથી સમયનો બગાડ અટક્યો છે અને બીમાર પશુઓની સારવાર ખૂબ જ ઝડપી બની છે.

### પશુધનના આરોગ્યની માહિતી આજીવન સુરક્ષિત

આ એપ્લિકેશન માત્ર વિઝીટ નોંધાવવા પૂરતી સીમિત નથી રહી, પરંતુ છેલ્લા ચાર વર્ષમાં લાખો પશુઓના આરોગ્યનો ડેટાબેઝ તૈયાર થયો છે.

**મુખ્ય ફાયદો:** આ એપમાં એકવાર પશુની વિઝીટ નોંધાયા બાદ, તેના રોગ, આપેલી દવાઓ અને સારવારની તમામ માહિતી આજીવન સંગ્રહિત રહે છે. આ હિસ્ટ્રીના કારણે પશુચિકિત્સકોને પશુની જૂની બીમારીઓ સમજીને ભવિષ્યમાં વધુ સચોટ સારવાર કરવામાં મોટી મદદ મળી રહી છે.

### માતૃભાષા ગુજરાતીમાં હોવાથી પશુપાલકો માટે ઉપયોગ ખૂબ સરળ

આ એપ્લિકેશન અંગ્રેજીની સાથે સરળ ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ હોવાથી બનાસકાંઠાના સામાન્ય પશુપાલકો પણ કોઈપણ અગવડ વગર તેનો ઉપયોગ કરી રહ્યા છે. પશુપાલકો ગુગલ પ્લે સ્ટોર પરથી 'બનાસ વેટનરી સેવા' અથવા 'બનાસ પશુ સારવાર' એપ ડાઉનલોડ કરીને પોતાની દૂધ મંડળીમાં રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર દ્વારા સરળતાથી લૉગઇન કરી પોતાની વિઝીટ જાતે જ નોંધી રહ્યા છે.

### એક વર્ષની સફળ કામગીરી બાદ પશુપાલકોને થઈ રહેલા પ્રત્યક્ષ ફાયદા:

ઝડપી અને ઘરબેઠા વિઝીટ: પશુપાલકો હવે ફોન કર્યા વગર ગમે ત્યારે અને ગમે ત્યાંથી માત્ર થોડી સેકન્ડોમાં જ સારવાર માટેની વિઝીટ નોંધી રહ્યા છે.

સમય અને નાણાંની બચત: ફોન લાઈન વ્યસ્ત રહેવાની કે ઓફિસે ધક્કા ખાવાની ઝંઝટમાંથી મુક્તિ મળતા પશુપાલકોના કિંમતી સમયનો બચાવ થઈ રહ્યો છે.

આજીવન મેડિકલ રેકોર્ડ: પશુના રોગ અને દવાની તમામ વિગતો એપમાં સુરક્ષિત રહેતી હોવાથી પશુધનની સ્વાસ્થ્ય જાળવણી સરળ બની છે.

ઉત્પાદકતામાં વધારો: બીમારીના સમયે પશુઓને ત્વરિત સારવાર મળવાથી તેમની દૂધ ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તા પર નકારાત્મક અસર પડતી અટકી છે, જેનાથી પશુપાલકોની આવક જળવાઈ રહી છે.




ચિંતામુક્ત પશુપાલન: ૨૪ કલાક ડિજિટલ માધ્યમથી સારવાર ઉપલબ્ધ હોવાથી જિલ્લાના પાંચ લાખથી વધુ પશુપાલક પરિવારો પશુધનની બીમારીની ચિંતામાંથી મુક્ત બન્યા છે.

બનાસ ડેરીની આ "બનાસ પશુ સારવાર" એપ્લિકેશને એક વર્ષના ટૂંકા ગાળામાં જ ટેક્નોલોજી અને શ્વેતક્રાંતિના સમન્વયનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે પશુપાલકો માટે સાચે જ જીવાદોરી સમાન સાબિત થઇ રહી છે.





BioCNG

# ગોબરધન
## થી
# ભારતનું ગૌરવ

- બનાસ ડેરીની મોટી પહેલ
- BANAS SUZUKI બાયોગેસ પ્લાન્ટ
- દરરોજ 1,00,000 કિલો તાજું ગોબર (છાણ) પ્રોસેસ કરવાની ક્ષમતા






## સ્વાદ અને સ્વાસ્થ્યનો પરફેક્ટ પાવર ડોઝ!

**પ્રોટીનથી ભરપૂર (15g)**
સ્નાયુઓની મજબૂતી અને શારીરિક વિકાસ માટે ઉત્તમ.

**No Added Sugar & Low Fat**
વજન નિયંત્રિત રાખવામાં અને ફિટ રહેવામાં મદદરૂપ.

**Lactose Free:** પચવામાં એકદમ સરળ.

**ત્વરિત ઉર્જા :** ઉનાળાની ગરમીમાં શરીરને હાઇડ્રેટ રાખે છે અને ભૂખ ઓછી કરે છે.




**આજે જ ટ્રાય કરો અને તમારા દિવસને બનાવો હેલ્ધી અને રિફ્રેશિંગ!**

# શ્વેતક્રાંતિના ભગીરથ 'ગલબાકાકા': જેમણે વાવેલા બીજને ચેરમેન શંકરભાઈ ચૌધરીએ વૈશ્વિક વટવૃક્ષ બનાવ્યું



આજે બનાસ ડેરીની પ્રગતિ અને તેના કારણે બનાસકાંઠાના પશુપાલકો-ખેડૂતોના ઘરે આવેલી આર્થિક સમૃદ્ધિની ચર્ચા દેશ-વિદેશમાં થઈ રહી છે. બનાસ ડેરી આજે જે રીતે કુદકે ને ભૂસકે પ્રગતિના પંથે આગળ વધી રહી છે, તે જોઈને સમગ્ર વિશ્વની નજર તેના તરફ મંડાયેલી છે. પરંતુ, આજે ગૌરવથી લહેરાઈ રહેલા આ શ્વેતક્રાંતિના વટવૃક્ષના મૂળમાં જે મહાપુરુષની દીર્ઘદ્રષ્ટિ, ક્રાંતિકારી વિચાર અને અવિરત પુરુષાર્થ છુપાયેલો છે, તે નામ એટલે સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ.

આજની નવી પેઢી કદાચ એ સંઘર્ષથી અજાણ હશે કે પથરાળ અને પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાને ગલબાકાકાએ જ સહકારના માધ્યમથી આત્મનિર્ભરતાની નવી દિશા આપી હતી.

**વિપરીત સમયમાં ક્રાંતિકારી વિચાર: 'દૂધ વેચવું એ પુત્ર વેચવા બરાબર'ની માનસિકતા બદલી**

એક જમાનો એવો હતો જ્યારે બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં દૂધ વેચવું એ સામાજિક રીતે પાપ અથવા 'પુત્ર વેચવા બરાબર' ગણાતું હતું. રૂઢિચુસ્ત વિચારો, ભૌગોલિક પ્રતિકૂળતાઓ અને સંસાધનોના અભાવવાળા એ વિપરીત સમયમાં ગલબાકાકાએ એક મક્કમ સંકલ્પ કર્યો. તેમણે જિલ્લાવાસીઓને પશુપાલન અને દૂધ વ્યવસાય થકી સ્વાવલંબી બનાવવાનો અશક્ય લાગતો પ્રયાસ શરૂ કર્યો.

તેમના અવિરત પ્રયાસો અને મક્કમ મનોબળના ફળસ્વરૂપે વર્ષ ૧૯૬૯માં બનાસ ડેરીની સ્થાપના થઈ. ગલબાકાકાએ માત્ર એક ડેરીની સ્થાપના નહોતી કરી, પરંતુ જિલ્લાના લાખો ખેડૂતો, પશુપાલકો અને ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ માટે ઘરઆંગણે જ આર્થિક ઉન્નતિના દ્વાર ખોલી દીધા હતા.





### ગલબાકાકાના અધૂરા સપનાને સાકાર કરતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

કોઈપણ મહાન સંસ્થાની સ્થાપના જેટલી મહત્વની છે, તેટલું જ મહત્વનું તેને યોગ્ય નેતૃત્વ મળવું છે. ગલબાકાકાએ જે આર્થિક ક્રાંતિનું સ્વપ્ન સેવ્યું હતું, તેને આજે વર્તમાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પોતાના વિઝનરી અને આધુનિક નેતૃત્વ થકી સાકાર કરી રહ્યા છે.

**સમય બદલાયો, પણ સંકલ્પ એ જ રહ્યો:**

ગલબાકાકાએ પશુપાલકોને આર્થિક પગભર કરવાનું સપનું જોયું હતું, અને આજે શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી માત્ર દૂધ પૂરતી સીમિત ન રહેતા બાયો-સીએનજી, હની પ્રોજેક્ટ, વૈજ્ઞાનિક પશુપાલન અને ડિજિટલ ટેક્નોલોજી, જેમ કે 'બનાસ પશુ સારવાર' એપ સુધી વિસ્તરી ચૂકી છે.

### સ્થાપક અને શિલ્પીના વિચારોનું અદભુત પ્રતિબિંબ

**મહિલા સશક્તિકરણ:** ગલબાકાકા મહિલાઓને આર્થિક રીતે મજબૂત જોવા માંગતા હતા. આજે શંકરભાઈના નેતૃત્વમાં બનાસકાંઠાની લાખો બહેનો દૂધ મંડળીઓનું સંચાલન સહીત દૂધ ઉત્પાદન કરી પ્રત્યક્ષ રીતે ઘરની આર્થિક ધુરા સંભાળી રહી છે.

**સ્થાનિક રોજગારીથી વૈશ્વિક ઓળખ:** જે જિલ્લામાંથી ક્યારેક રોજગારી માટે લોકો હિજરત કરતા હતા, આજે ગલબાકાકાના આશીર્વાદ અને વર્તમાન વહીવટી કુશળતાના કારણે એ જ બનાસકાંઠા એશિયાની સૌથી મોટી ડેરી તરીકે વિશ્વના નકશા પર ચમકી રહ્યું છે.

**ખેડૂતોનું કલ્યાણ:** ગલબાકાકાનો મૂળ ઉદ્દેશ્ય ખેડૂત સુખાકારીનો હતો. આજે ડેરી પશુપાલકોને દૂધના શ્રેષ્ઠ ભાવો આપવાની સાથે તેમના પશુધનની પણ ૧૦૮ જેવી આધુનિક સુવિધાઓથી સંભાળ રાખી રહી છે.

**એક અમર વિરાસત**

સ્વ. શ્રી ગલબાકાકા બનાસ ડેરીના એવા શિલ્પી છે જેમણે વાવેલું બીજ આજે કરોડો રૂપિયાના ટર્નઓવર સાથે લાખો પરિવારોનો સહારો બન્યું છે. ગલબાકાકાએ દર્શાવેલી સહકારની એ પવિત્ર ભાવનાને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે.

બનાસકાંઠાની ધરતી પર જ્યાં સુધી શ્વેતક્રાંતિની આ ધારા વહેતી રહેશે, ત્યાં સુધી ગલબાકાકાનું મહાયોગદાન અને તેમની દીર્ઘદ્રષ્ટિ પ્રત્યેક પશુપાલકના હૃદયમાં અમર રહેશે. સાચા અર્થમાં, ગલબાકાકાના સપનાની આધુનિક ઉડાન એટલે આજની ભવ્ય બનાસ ડેરી!

# પશુપાલકોનું બનાસ ડેરી સાથે ડિજિટલ જોડાણ: ઘરઆંગણે આધુનિક સેવાઓ







માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી આજે માત્ર શ્વેતક્રાંતિ જ નહીં, પરંતુ ડિજિટલ ક્રાંતિ તરફ પણ મક્કમ પગલે આગળ વધી રહી છે. અંતરિયાળ ગામડાના સામાન્ય પશુપાલકો પણ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ખૂબ જ સરળતાથી બનાસ ડેરીની વિવિધ સેવાઓનો લાભ મેળવી રહ્યા છે.

**"બનાસ પશુ સારવાર" (બનાસ વેટનરી સેવા) એપ્લિકેશન**

બીમાર પશુઓની ત્વરિત સારવાર માટે આ એપ પશુપાલકો માટે ૧૦૮ ઇમરજન્સી જેવી સાબિત થઈ રહી છે.

**સેવા:** પશુપાલકો ગમે ત્યારે પોતાના મોબાઈલથી જ પશુચિકિત્સકની વિઝીટ ઓનલાઈન નોંધી શકે છે.
**ફાયદો:** ફોન કરવાની કે લાઈનમાં ઊભા રહેવાની ઝંઝટ મુક્ત થઈ છે અને પશુના રોગ તેમજ દવાનો આજીવન ડિજિટલ રેકોર્ડ સંગ્રહિત રહે છે.

**દૂધના હિસાબ અને પેમેન્ટની ડિજિટલ સિસ્ટમ (Direct Benefit Transfer)**

બનાસ ડેરીએ પશુપાલકોના આર્થિક વ્યવહારોને સંપૂર્ણ પારદર્શક અને ડિજિટલ બનાવ્યા છે.

**સેવા:** મંડળીમાં ભરાતા દૂધના પૈસા સીધા પશુપાલકના બેંક ખાતામાં (DBT દ્વારા) જમા થાય છે.
**ફાયદો:** રોકડા પૈસા ખોવાઈ જવાનો કે હિસાબમાં ભૂલ થવાનો ભય રહેતો નથી અને પશુપાલકો આર્થિક રીતે સક્ષમ બને છે.

**ઓટોમેટેડ મિલ્ક કલેક્શન સિસ્ટમ (AMCS)**

ગામડાની દૂધ મંડળીઓને આધુનિક કોમ્પ્યુટર અને મશીનરી સિસ્ટમથી સજ્જ કરવામાં આવી છે.
**સેવા:** પશુપાલક જેવું દૂધ ભરાવે કે તરત જ મશીન દ્વારા દૂધનું વજન, ફેટ (Fat) અને એસ.એન.એફ. (SNF) સ્ક્રીન પર દેખાઈ જાય છે.
**ફાયદો:** દૂધની ગુણવત્તા અને ભાવની ત્વરિત અને સાચી માહિતી પશુપાલકને સ્થળ પર જ મળી જાય છે.

**એસ.એમ.એસ. (SMS) એલર્ટ સુવિધા**

દૂધ ભરાવ્યા બાદ અને પશુ સારવારની વિઝીટ કન્ફર્મ થયા બાદ પશુપાલકોને સીધા જ મોબાઈલ પર મેસેજ મળે છે.
**સેવા:** રોજ સવાર-સાંજ ભરાવેલા દૂધના લીટર અને ફેટની વિગત તેમજ ખાતામાં જમા થયેલા નાણાંની માહિતી SMS દ્વારા પશુપાલકના રજીસ્ટર્ડ મોબાઈલ પર મોકલવામાં આવે છે.
**ફાયદો:** પશુપાલક ઘરે બેઠા જ પોતાના દૂધનો તમામ હિસાબ મોબાઈલમાં જોઈ શકે છે.

**ઓનલાઈન તાલીમ અને માર્ગદર્શન (Digital Extension Services)**

પશુપાલકો વૈજ્ઞાનિક પશુપાલન અપનાવે તે માટે ડેરી ટેક્નોલોજીનો ઉત્તમ ઉપયોગ કરી રહી છે.

**સેવા:** વીડિયો કોન્ફરન્સ, સોશિયલ મીડિયા માધ્યમો અને ડિજિટલ સ્ક્રીન દ્વારા પશુપાલકોને ઘરબેઠા પશુ પોષણ, બોવાઈન એમ્બ્રીયો ટ્રાન્સફર (BET) અને વૈજ્ઞાનિક પશુપાલનની તાલીમ આપવામાં આવે છે.

બનાસ ડેરીની આ ડિજિટલ સેવાઓએ પશુપાલકોનો સમય બચાવ્યો છે, પારદર્શકતા વધારી છે અને તેમના જીવનને વધુ સરળ બનાવ્યું છે. સાચા અર્થમાં ડિજિટલ ઇન્ડિયાના વિઝનને બનાસકાંઠાના ગામડે-ગામડે પહોંચાડવાનું ભગીરથ કાર્ય બનાસ ડેરી કરી રહી છે.



# બનાસકાંઠાને વ્યસનમુક્ત કરવા બનાસ ડેરીનો દ્રઢ સંકલ્પ

## "વ્યસન એ માનવતા, પરિવાર અને ઈશ્વરથી દુર કરનારું સામાજિક કલંક છે." ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

વ્યસન એ માણસના સુખ-શાંતિને હણી લેનારી એક ગંભીર અનિષ્ટતા છે. તેના કારણે અગણિત પરિવારોએ પોતાના વ્હાલસોયા સંતાનો ગુમાવ્યા છે, તો કેટલાય પરિવારો સારવારના ખર્ચમાં આર્થિક રીતે બરબાદ થઇ ગયા છે. છૂપી રીતે કે જાહેરમાં કરાતું નશાનું સેવન અત્યંત નુકસાનકારક છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર બનાસકાંઠા જિલ્લાને વ્યસનમુક્ત કરવા માટે ભગીરથ પ્રયાસો ચાલી રહ્યા છે. તેઓ દરેક મંચ પરથી આ અંગે જનજાગૃતિ ફેલાવી રહ્યા છે. બનાસ ડેરીના આ વિશેષ અભિયાન અંતર્ગત લોકોને જાગૃત કરવા, દર્દીઓને યોગ્ય તબીબી સારવાર આપવી અને જિલ્લાને સંપૂર્ણ નશામુક્ત બનાવવાનું પ્રશંસનીય કાર્ય થઇ રહ્યું છે.





સામાન્ય રીતે માણસ આજના સમયની દોડધામમાં ક્યારેક હતાશ થઈને, તો ક્યારેક પરિવારના ભરણપોષણના માનસિક તણાવ કે દિવસભરના શારીરિક થાકને ઉતારવાના બહાના હેઠળ બીડી, સિગારેટ, તમાકુ કે દારૂના રવાડે ચડી જાય છે. શરૂઆતમાં ક્ષણિક રાહત આપતો આ ભ્રમ ધીમે-ધીમે જીવલેણ આદત બની જાય છે. કોઈ વ્યક્તિ જન્મથી વ્યસની નથી હોતી, પરંતુ પ્રતિકૂળ સંજોગો કે ઘરના વડીલોની ખોટી આદતો જોઈને નાના બાળકો પણ નાનપણથી જ આ માર્ગે વળી જાય છે. જ્યારે કોઈપણ નશાકારક વસ્તુ વિના રહેવું અશક્ય બને, ત્યારે માણસ તેનો ગુલામ બની ચૂક્યો હોય છે. વાસ્તવમાં વ્યસન દુઃખ ઓછું નથી કરતું, પરંતુ પારિવારિક ખુશીઓને સંપૂર્ણપણે નષ્ટ કરી નાખે છે.

### તંદુરસ્ત શરીરને નાદુરસ્ત કરવાનો માર્ગ એટલે વ્યસન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના મતે, ઈશ્વરે આપેલા અમૂલ્ય અને સ્વસ્થ શરીરને રોગીષ્ટ બનાવવાનું સાધન એટલે વ્યસન. મુશ્કેલીઓથી ભાગવા કે ક્ષણિક આનંદ મેળવવા માટે માણસ નશાનો આશરો લે છે, પરંતુ તે એ ભૂલી જાય છે કે આ આદત તેને, તેના પરિવારને અને તેની આખી જિંદગીને વિનાશ તરફ ધકેલી રહી છે. કમાણીનો મોટો હિસ્સો આની પાછળ વેડફાય છે અને અંતે અકાળ મૃત્યુ નજીક આવે છે. ચિંતાજનક બાબત એ છે કે હવે માત્ર શહેરો જ નહીં, પરંતુ ગ્રામીણ વિસ્તારોના કોમળ બાળકો પણ ગુટખા, પાન-મસાલા અને તમાકુના શિકાર બની રહ્યા છે. જો પ્રગતિ કરવી હોય અને ઉચ્ચ શિક્ષણ મેળવવું હોય તો વ્યસનથી દુર રહેવું અનિવાર્ય છે. પ્રભુએ આપેલું આ જીવન માત્ર વેડફવા માટે નથી, તેને ગરિમાપૂર્ણ અને ઈશ્વરમય રીતે જીવવું જોઈએ.



### બનાસ ડેરીની સરાહનીય અને નક્કર કામગીરી

બનાસ ડેરી દ્વારા નશામુક્ત અભિયાન અંતર્ગત લોકોને વ્યસન છોડવાની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. દર વર્ષે ૩૧ મે ના રોજ "વિશ્વ તમાકુ નિષેધ દિન" ની વિશેષ ઉજવણી કરવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ કરવાનો છે. આ દિવસે વિવિધ કાર્યક્રમો દ્વારા તમાકુના જીવલેણ પ્રભાવો વિશે સમજાવવામાં આવે છે. આ અભિયાન હેઠળ જુદા-જુદા વિષય નિષ્ણાતો અને પ્રભાવશાળી વક્તાઓના વ્યાખ્યાનો ગોઠવવામાં આવે છે અને હોર્ડિંગ્સ દ્વારા રોગો પ્રત્યે સાવચેત કરાય છે. બનાસ ડેરીના કેમ્પસમાં પણ કડક તપાસ રાખવામાં આવે છે; જો કોઈ વ્યક્તિ પાસેથી નશાની સામગ્રી મળે તો તેને જપ્ત કરી નોટિસ આપવામાં આવે છે.

શ્રી શંકરભાઇ ચૌધરીની દીર્ઘદ્રષ્ટિથી, બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના મનોચિકિત્સા વિભાગ હેઠળ ઓગસ્ટ ૨૦૨૦ થી 'વ્યસનમુક્તિ સારવાર કેન્દ્ર' સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યું છે. અહીં આલ્કોહોલ, તમાકુ, અફીણ (ઓપીયોઇડ્સ), ચરસ (કેનાબીસ) વગેરેના બંધાણીઓની નોંધણી કરી વૈજ્ઞાનિક પદ્ધતિથી સારવાર કરાય છે.

### વ્યસન છોડો, પરિવાર અને દેશને બચાવો

ભારતમાં દર વર્ષે કરોડો રૂપિયા ધૂમ્રપાન પાછળ બગાડવામાં આવે છે અને એટલો જ મોટો ખર્ચ તેનાથી થતી બીમારીઓની સારવાર પાછળ થાય છે. આ નાણાંની બચત કરીને મોટી આર્થિક સમસ્યાઓ હલ કરી શકાય છે. કેન્સર અને ટીબી (ક્ષય) જેવા જીવલેણ રોગોના મોટાભાગના દર્દીઓ વ્યસની હોય છે, અને દર વર્ષે લાખો લોકો અકાળે મોતના મોંમાં ધકેલાય છે. બનાસકાંઠાનો યુવાવર્ગ આ વિનાશક માર્ગે ન વળે તે માટે બનાસ ડેરી સતત કાર્યરત છે. જિલ્લા સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા યુવાનોને માર્ગદર્શન અપાય છે, તેમજ વિવિધ બેનરો અને જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. યુવાનો વ્યસનમુક્ત બને અને સારું જીવન જીવી શકે તે માટે નવી શૈક્ષણિક સંસ્થાઓ અને રોજગારીની વિપુલ તકો પણ ઊભી કરવામાં આવી છે.



**કાઉન્સેલિંગ અને સાયકિયાટ્રિક માર્ગદર્શન:** સૌપ્રથમ દર્દીને નશાની નકારાત્મક અસરો અને વ્યસનમુક્તિના ફાયદા સમજાવી માનસિક રીતે તૈયાર કરવામાં આવે છે.

**ઈનડોર સારવાર (વોર્ડ):** જરૂરિયાત મુજબ દર્દીઓને વોર્ડમાં દાખલ કરી મેડિટેશન અને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવે છે

**સાયકોથેરાપી અને ગ્રુપ થેરાપી:** સાયકોથેરાપી દ્વારા દર્દીને સમાજમાં તેનું સન્માનજનક સ્થાન પરત મેળવવામાં મદદ કરાય છે. ગ્રુપ થેરાપીમાં સાજા થયેલા લોકો પોતાના અનુભવો વહેંચીને અન્ય દર્દીઓને વ્યસનમુક્ત જીવન જીવવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

# કૃષિ સંજીવની: પર્યાવરણ મિત્ર અને પૌષ્ટિક જૈવિક ખાતર

**આજના સમયમાં પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણમિત્ર પદ્ધતિઓ પ્રત્યે ખેડૂત સમાજ વધુ સંવેદનશીલ બન્યો છે. આ દિશામાં, કૃષિ સંજીવની એક મહત્ત્વપૂર્ણ પ્રોડક્ટ છે, જે પોષકતત્વોથી ભરપૂર અને પર્યાવરણ માટે મૈત્રીપૂર્ણ છે. આ લિક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યુર પાક માટે તમામ જરૂરી પોષકતત્વો પૂરું પાડે છે, જમીનની ફળદ્રુપતા સુધારે છે અને ખેડૂતોને ઉત્પાદન વધારવામાં મદદ કરે છે.**






## પાકના વિકાસમાં સહાયક

કૃષિ સંજીવનીનો ઉપયોગ પાકની વૃદ્ધિ અને વિકાસ માટે અત્યંત લાભદાયી છે. પોષકતત્વોથી ભરપૂર આ ખાતર છોડના મૂળ, થડ, પાંદડા અને ફળોને મજબૂત બનાવે છે. તે છોડને રોગપ્રતિકારક ક્ષમતા વધારવામાં સહાય કરે છે, જેના પરિણામે પાક વધુ તંદુરસ્ત અને ઊપજદાર બને છે.

## ગુણવત્તા અને ઉત્પાદનમાં વધારો

નિયમિત ઉપયોગથી પાકના ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થાય છે. કૃષિ સંજીવની જમીનને જરૂરી જૈવિક તત્વો પૂરા પાડે છે, જેના કારણે પાકના પાંદડામાં લીલોતરી રહે છે, ફૂલો વધુ મજબૂત થાય છે અને ફળોની ગુણવત્તામાં વધારો થાય છે. પરિણામે, ખેડૂતને ઉત્પાદનમાં વધારો મળે છે અને નફાકીય ક્ષમતા વધે છે.

## જમીનની ગુણવત્તા માટે લાભદાયી

આ ઓર્ગેનિક ખાતર જમીનમાં ઉપયોગી બેક્ટેરિયાને પ્રોત્સાહિત કરે છે, જે માટીના પોષક તત્વોને સમતોલ રાખે છે. તે જમીનની ફળદ્રુપતામાં સતત વધારો કરે છે, જમીનને આરોગ્યમય અને ટકાઉ બનાવે છે.

## કલોરોફીલ અને લીલોછમ પાક

કૃષિ સંજીવનીના ઉપયોગથી છોડમાં કલોરોફીલનું પ્રમાણ વધે છે, જે પાંદડાઓમાં પ્રકાશસંશ્લેષણ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવે છે. આ કારણે પાક લાંબા સમય સુધી લીલોછમ રહે છે અને વધુ આરોગ્યદાયક ફળ આપે છે.

## પર્યાવરણમિત્ર ઉકેલ

કૃષિ સંજીવની માત્ર પાકના વિકાસ માટે જ નહીં, પણ પર્યાવરણ માટે પણ ફાયદાકારક છે. તે જમીન અને પાણીને પ્રદૂષણમુક્ત રાખે છે, તેમજ લાંબા ગાળે ખેતીને ટકાઉ અને મિશ્રતાપૂર્વકનું બનાવે છે.

ખેડૂતો માટે કૃષિ સંજીવની એક મહત્વપૂર્ણ ઉત્પાદન છે, જે પાકની વૃદ્ધિ, ઉત્પાદન અને ગુણવત્તામાં વધારો કરવા સાથે પર્યાવરણ અને જમીનની ટકાઉતામાં પણ અમૂલ્ય યોગદાન આપે છે.

